<u>દિવાની તામીલ નં. ૦૧/૨૦૨૬</u>

<u>-: આંક-૧ તળે હુકમ :-</u>

તામીલ અરજીનું રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ ધ્યાને લેતા, સબબ કામે જજમેન્ટ ડેટર ઉપર જપ્તી વોરન્ટ ઈસ્યુ કરતા, તે તળે બેલીફશ્રી ધ્વારા ''સદરહુ જપ્તી વોરન્ટમાં જણાવેલ સરનામે મોટા આસંબીયા ગામ મધ્યે જતા જણાવેલ જ.ડે.નું મકાન બંધ છે જે બદલ ડી.હો.ની ખાત્રી લઈ આ જપ્તી વોરન્ટ જેમનું તેમ પરત'' ના શેરા સાથે વગર બજે પરત મોકલેલ છે. વધુમાં, તામીલ અરજીનું પ્રોસીડીંગ્સ ધ્યાને લેતા આ અગાઉની મુદત તા.૨૮-૦૪-૨૦૨૬ ના રોજ વાદી/ડી.હો. જાતે કે તેમના વિ.વ.શ્રી અદાલત સમક્ષ હાજર રહેલ ન હોય કે તેમના તરફે કોઈ રજુઆત કરેલ ન હોય તેમ છતા સદરહુ કામ ન્યાયના હિતમાં મુલત્વી રાખવામાં આવેલ છે. ત્યાર બાદ આજ રોજ મુકરર કરેલ મુદત તારીખે પોકાર કરતા ડીક્રી હોલ્ડર જાતે કે તેમના વિ.વ.શ્રી અદાલત સમક્ષ હાજર રહેલ ન હોય કે તેમના તરફે કોઈ રીપોર્ટ પણ રજુ કરેલ ન હોય, જેથી ડીક્રી હોલ્ડરને હાલની આ દિવાની તામીલ આગળ ચલાવવામાં કોઈ રસ નહિ હોવાનું તથા ઉદાસીન વલણ ધરાવતા હોવાનું સ્પષ્ટ રીતે જણાય આવે છે. આમ, ઉપરોકત તમામ સંજોગોમાં આ કામના ડીક્રી હોલ્ડરને પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવેલ તેમ છતા જજમેન્ટ ડેટરને જપ્તી વોરન્ટની બજવણી કરાવી અદાલત સમક્ષ હાજર રખાવી શકેલ નથી, ત્યારે આ કામના ડીક્રી હોલ્ડરની કસુરના કારણે સદર દિવાની તામીલ ડીસ્મીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૦૨-૦૫-૨૦૨૬
**સ્થળ :** માંડવી

**(મયુર સુભાષભાઈ ગેલોદ)**
એડીશ્નલ સિવિલ જજ, માંડવી-કચ્છ
કોડ નં.જી.જે.૦૧૭૫૬